# અમદાવાદના ઔડા વિસ્તાર સાણંદની ડ્રાફ્ટ ટી.પી. નં. 1, 2,4 અને 5 એમ કુલ ચાર સ્કીમોને મંજુરી

અમદાવાદ શહેરનો ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. તેના કારણે અમદાવાદની આજુબાજુના વિસ્તારોમાં પણ રહેઠાણ, ઉદ્યોગધંધાઓ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આ તમામ વિસ્તારોનું આયોજન ભવિષ્યને ધ્યાનમાં રાખીને થાય અને નવા વિસ્તારો સુંદર રીતે વિકસે તે માટે આ વિસ્તારોની ડ્રાફ્ટ ટી.પી. ઔડા દ્વારા તૈયાર કરી, સરકારશ્રીની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ.

ટાટા નેનો જેવા ઔદ્યોગિક એકમોને કારણે, સાણંદનો તમામ રીતે ખૂબજ ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. આ વિકાસ આયોજનપૂર્વક થાય તે માટે અમદાવાદ શહેરની આસપાસના વિસ્તારને આવરી લેતાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ઔડા) વિસ્તાર સાણંદની ડ્રાફ્ટ ટી.પી. નં.1, 2, 4 અને 5 એમ કુલ 4 ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને મંજૂરી આપતા જાહેરનામા પ્રસિધ્ધ કરવા તાજેતરમાં મંજૂરી આપવામાં આવેલ છે.

આ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને મંજૂરી મળતાં, અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ઔડા) દ્વારા રસ્તા, વોટર સપ્લાય, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓ માટેનું આયોજન અને તે અંગેની કાર્યવાહી હવે થઈ શકશે. જેને કારણે, શહેરના આયોજનબધ્ધ વિકાસને વેગ મળશે.

ટૂંક સમયમાં ટી.પી.ઓ.ની નિમણુંક પણ આ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોને આખરી કરવા માટે કરવામાં આવશે.

સૌનો સાથ... સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...